सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | :– ૦૭– ૧૦ – ૨૦૨૨ |
| નોંધણી તારીખ | :– ૦૭– ૧૦ – ૨૦૨૨ |
| ફેંસલ તારીખ | :– ૧૪– ૦૩ – ૨૦૨૬ |
| સમયગાળો | :– <u>વર્ષ– માસ– દિવસ</u> |
| | ૦૩ – ૦૫ – ૦૭ |

---

## મે. કલોલનાં પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી (એમ.એસ.સોલંકી), લેબર કોર્ટ (એસ.ડી.), કલોલ, જી.ગાંધીનગર.

---

**રેફરન્સ (ટી) કેસ નં.૬૮/૨૦૨૨**

**આંક ::– ૨૦**

સેનમા ચંદુભાઈ હિરાભાઈ
C/o. ગુજરાત મજદુર સભા,
ઠે. ૧૦૪, મહારાણા પ્રતાપ કોમ્પલેક્ષ,
વી.એસ. હોસ્પીટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ. ..... **<u>અરજદાર</u>**

<u>વિરૂધ્ધ</u>

(૧) હિલવેલ હોમીયો પ્રા. લી.,
ઠે. પ્લોટ નં.૨૧૫/૧ એન્ડ ૨૨૧/૧,
ગામ–ઈન્દ્રાડ, છત્રાલ–કડી હાઈવે,
તા.કડી, જિ.મહેસાણા.

(૨) કેશર લેબર કોન્ટ્રાકટર શોપીંગ સેન્ટર,
ઠે. અંબિકા હાઈવે, કલોલ. ..... **<u>સામાવાળા</u>**

**<u>બાબત</u> ::– <u>ઔદ્યોગીક વિવાદ અધિનિયમ,૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય થવા બાબત.</u>**

---

**અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રી કે.કે.વેકરીયા.**

**સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે વિ.વ.શ્રી જે.એલ.દેસાઈ.**

**સામાવાળા નં.૨ સંસ્થા તર્ફે વિ.વ.શ્રી વાય.એમ.શાહ.**

---

## –:: <u>હુકમ</u> ::–

(૧) હાલનાં કામે સદર કામે અરજદારને તેમના પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમા પુન: સ્થાપીત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય સારું સદરહું રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી, મહેસાણાનાંઓના તા.૨૩/૦૯/૨૦૨૨ નાં હુકમ ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./એ.જે./૬૬/૨૦૨૨, તા.૨૩/૦૯/૨૦૨૨ નાં પત્રથી અત્રેની અદાલતને મોકલવામાં આવેલ છે.

"સેનમા ચંદુભાઈ હિરાભાઈને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળજગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?"

(૨) ત્યારબાદ હાલનાં કામે પક્ષકારોને કાઢવામાં આવેલ નોટીસની તેઓને ધોરણસર બજવણી થઈ જતાં અરજદાર તર્ફે વિ.પ્ર.શ્રી કે.કે.વેકરીયાનાં મારફત હાજર થઈ, આંક–૧૧ થી માંગણા નિવેદન રજુ કરેલ છે. સદર માંગણા નિવેદનની ટુંકમાં હકીકત એ છે કે, અરજદાર સામાવાળા નં.૧ કંપનીમાં ટેબ્લેટ મશીન ઓપરેટર તરીકે કામગીરી કરતા હતા. તા.૧૬/૦૪/૨૦૨૨ ના રોજથી સામાવાળા નં.૧ સંસ્થા દવારા નોકરીમાંથી મૌખિક હુકમથી છુટા કરેલ છે. જેથી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત તથા આનુસાંગીક લાભો સહિત સળં ગ સર્વિસથી મુળ જગ્યા ઉપર નોકરીમાં પુન:સ્થાપિત કરવા સામાવાળા સંસ્થાને હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૩) ત્યારબાદ હાલનાં કામે સામાવાળા સંસ્થાઓને કાઢવામાં આવેલ નોટીસની ધોરણસર બજવણી થઈ જતાં સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે વિ.વ.શ્રી જે.એલ.દેસાઈ. તથા સામાવાળા નં.૨ સંસ્થા તર્ફે વિ.વ.શ્રી વાય.એમ.શાહ.નાંઓનું વકીલાતપત્ર રજુ થયેલ છે અને સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે આંક–૧૨ થી લેખીત જવાબ રજુ કરેલ છે અને અરજદારનાં માંગણા નિવેદનની હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરી, સદર રેફરન્સ ખર્ચ સહીત રદૃ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૪) ત્યારબાદ આજરોજ નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી તથા સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીની સૂચનાથી આયોજીત કરવામાં આવેલ છે. હાલનાં કામે ચાલુ ન્યાયીક કાર્યવાહી દરમ્યાન લોક અદાલતમાં આજરોજ પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સમાધાન થતાં પક્ષકારો તથા તેમનાં પ્રતિનિધિશ્રીની સહીઓ કરી, સંયુકત સમાધાન પુરશીશ રજુ થયેલ છે. સદર પુરશીશ બંને પક્ષકારોને વાંચી સંભળાવેલ છે અને બંને પક્ષકારનાંઓએ સદર સમાધાન પુરશીશ કબુલ

મંજુર હોવાનું જણાવી, કોઈ પણ જાતનાં પ્રલોભન કે દાબ–દબાણ કે આવેશમાં આવ્યા સીવાય પોતાની સહીઓ કરેલ હોવાનું કબુલ રાખેલ છે. સદર પુરશીશમાં બંને પક્ષકારો તથા અરજદારનાં પ્રતિનિધિશ્રી દ્વારા સહી કરી, ઓળખ આપેલ હોય, સદર પુરશીશ હાલનાં કામે આંક–૧૮ થી રેકર્ડ કરવામાં આવેલ છે.

વધુમાં સદર સમાધાન કરારમાં જણાવેલ છે કે, સામાવાળા નં .૨ સંસ્થાએ અરજદારને રૂા.૩૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંત્રીશ હજાર પુરા) ચુકવી આપશે તેમ જણાવેલ છે. આમ, સદર સમાધાન કરારમાં જણાવેલ શરતો મુજબ સમાધાન કરેલ છે અને સમાધાન મુજબ કેસનો નિકાલ કરવાનું જાહેર કરેલ છે." જે ધ્યાને લઈ હાલનાં કામે આંક –૧૮ થી રજુ સમાધાન કરાર તથા ઉપલબ્ધ રેકર્ડ તથા રજુઆતો ધ્યાને લઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આથી હાલનાં કામે અરજદારનો હાલનો રેફરન્સ કેસ સમાધાનથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે તથા સામાવાળાએ અરજદારને સમાધાન પેટે રૂા.૩૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંત્રીસ હજાર પુરા) સમાધાન થયાના દિન–૧૫ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૧૪મી માહે માર્ચ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કરવામાં આવે છે.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ :– કલોલ.

**(મનોજભાઈ શાંતિલાલ સોલંકી)**
પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી, લેબર કોર્ટ
(એસ.ડી.), કલોલ, જી.ગાંધીનગર.
***JUDGE CODE : GJ01300***.

*સ્ટેનો: વી.વી.ચાવડા.*